# બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુર
## સંચાલિત
## આર.આર. મહેતા કોલેજઓફ સાયન્સ એન્ડ
## સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર

---

## હેડકલાર્ક ની ભરતી માટેની અગત્યની સૂચના

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુરને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક કવટ/isc-3/NOC/૧૨૧૦-૧૨ તા. ૦૪/૦૨/૨૦૨૬ ના પત્રથી હેડકલાર્ક જગ્યા-૧ બિન અનામત(OPEN) ની મળેલ NOC અન્વયે વેબસાઈટ પર મુકેલ નિયત નમુના મુજબની અરજીઓ, યોગ્યતાના આધારોની સ્વયં પ્રમાણિત નકલો, પોતાના સરનામાંવાળું ૯" x ૪" નું કવર ઉપર રૂ. ૫૫/- ની ટપાલ ટીકીટ લગાવીને, ડિમાન્ડ ડ્રાફ્ટ, નોકરી કરતાં ઉમેદવારોએ પોતાની સંસ્થા/ખાતા મારફતે NOC સહિત જાહેરાત પ્રસિદ્ધ થયેથી જાહેરાત માં દર્શાવેલ સરનામે દિન-૧૦ માં ફક્ત SPEED POST મારફતે અરજી મોકલી આપવા જણાવવામાં આવે છે.

### શૈક્ષણિક લાયકાત અને વય મર્યાદા :-

- માન્ય યુનિવર્સીટી માંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ.
- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના(સામાન્ય) નિયમો,૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.
- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય)નિયમો.૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ અનુસાર રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનું પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.
- ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

S.C.L.P. COM COLLEGE
ALAMPUR

અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામતના ધોરણો લાગુ પડશે. વયમર્યાદા રાજ્યસરકારના નિયમો મુજબ રહેશે.

- એન.ઓ.સી.(NOC) ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ મંજુરથયેલ લઘુતમ પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થા/ખાતાં મારફતે એન.ઓ.સી પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણૂક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ ૦૪/૦૨/૨૦૨૬ થી મળેલ એન.ઓ.સી ની તમામ શરતો બંધનકર્તા રહેશે.
- અધૂરી, અસ્પષ્ટ વિગતોવાળી, પ્રમાણપત્રો, ડિમાન્ડ ડ્રાફ્ટ, નિયત નમૂના સિવાયની તેમજ NOC વગરની (નોકરી કરતાં ઉમેદવારો)અરજીઓ, તેમજ નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- સદર ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દવારા નક્કી કરેલ ભરતીનાં નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે.
- ઉમેદવાર જે જગ્યા માટે અરજી કરી હોય તે જગ્યાનું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.
- વેબસાઈટ દ્વારા ભરતી પ્રક્રિયા અંગેની  માહિતી પૂરી પાડવામાં આવશે જેથી અવારનવાર ઉમેદવારોએ વેબ સાઈટ જોતા રહેવું.
- ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયામાટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે, અન્યથા અરજીપત્રક જે તે તબક્કે"રદ" ગણવામાં આવશે.

C. L. P. COM COLLEGE ...ANPUR

## પરીક્ષા પદ્ધતિ:-

- રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૧/૨૦૨૬ના જાહેરનામાં ક્રમાંક GS/2026/01/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

  તબક્કો-૧ પ્રાથમિક પરીક્ષા

| ક્રમ | વિષય | માર્ક્સ |
|---|---|---|
| ૧ | English | 15 Marks |
| ૨ | Gujarati | 15 Marks |
| 3 | General Awareness and Current Affairs | 30 Marks |
| ૪ | Quantitative aptitude | 30 Marks |
| ૫ | Reasoning | 60 Marks |
| | **Total** | **150 Marks** |

- મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રથમ તબક્કામાં પ્રાથમિક પરીક્ષા MCQ પદ્ધતિથી લેવામાં આવશે.
- પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.
- પ્રશ્નના પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ નેગેટીવ માર્કીંગ રહેશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે.પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણ ને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.
- પ્રાથમિક પરીક્ષા ને અંતે મુખ્યપરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોને મેરીટને આધારે સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

## મુખ્ય પરીક્ષા:-

પ્રથમ પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક: ગસ/૨૦૨૬/૦૧/૦૧૨૫/K થી નિયત કરવામાં આવેલ નિયમો મુજબ વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો ધરાવતી પધ્ધતિથી લેવામાં આવશે. મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

## લઘુત્તમ લાયકી ધોરણ:-

L.P. COM COLLEGE PALANPUR

પ્રાથમિક અને મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા માર્ક્સ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્ક્સ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહી.

## પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-

- ઉમેદવારોએ પ્રથમ તબક્કાની પ્રાથમિક પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે મુખ્ય પરીક્ષા માટેના લાયક ઉમેદવારોની યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે. એક જગ્યા ભરવાની થતી હોવાથી સાત ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.
- કોલેજ દ્વારા બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા અંતે મેળવેલ ગુણ, લઘુત્તમ લાયકી ગુણનું ધોરણને આધારે આખરી પસંદગી યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

## પગાર ધોરણ:-

નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૨૬ના તથા તા.૨૯/૦૪ /૨૦૧૦ અને તા. ૦૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવક્રમાક:- ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:- ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ. ૧ તથા છેલ્લા નાણાં વિભાગના તા. ૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:-ખચર-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ-૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે ફિક્સ પગારથી નિમણુંક અપાશે. તેમજ ઉપરોક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદઉપરાંત સામાન્ય વહીવટી વિભાગના તા.૨૩/૧૦/૨૦૨૧૫ ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર-૧૧-૨૦૧૫- ૩૧૨૯૧૧-ગ. ૫ અને નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧ તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા. ૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબધિત કચેરીમાં જેતે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગારધોરણમાં નિયમિત નિમણુક મેળવવાને પાત્ર થશે.

## સામાન્ય સૂચનાઓ:-

- ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહશે. અન્યથા અરજીપત્રક જેતે તબક્કે“રદ“ ગણવામાં આવશે.

- ઉમેદવારે અરજીપત્રકમાં જે ફોટો રજુ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાતની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તેજ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે (જેમકે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તેજ ફોટાની કોપી રજુ કરવાની રહેશે).
- ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી જાળવી રાખવો આપના હિતમાં છે. ભરતી સબંધેની તમામ સૂચનાઓ આ વેબસાઈટ https://www.bkdkm.org ઉપર મુકવામાં આવશે, જે સમયાન્તરે અચૂક જોતા રહેવું.
- ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણીક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેના પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલમુ પડશેતો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ/કોલેજ "રદ' કરી શકશે. તેમજ જો પસંદગી/નિમણુંક થયલે હશેતો પસંદગી/નિમણુક મંડળ/કોલેજ/નિમણુંક કરનાર સતાધિકારી દ્વારા કોઈપણ તબક્કે "રદ" કરવામાં આવશે.
- મંડળ/કોલેજ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામા ઉત્તીણ થવાથીજ ઉમેદવારને નિમણુંક માટેનો હકક મળી જતો નથી. નિમણુક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધીજ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તોજ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાને પાત્ર થશે.
- ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબધિત જગ્યા ઉપર નિમણુક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી. નિમણુક કરનાર સતાધિકારીને પોતાની એવી ખાત્રી થાય કે જાહેરસેવા સારું ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકશે. નિમણુક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
- ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારાસહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધીન રહશે.

- આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જેતે સવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહશે.
- આ જાહેરાત તથા ભરતી પ્રકિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- પાલનપુર અધિકાર શેત્રને આધીન.

તારીખ :-૭/૦૨/૨૦૨૬

સ્થળ : પાલનપુર

Principal
R. R. Mehta College of Science &
C. L. Parikh College of Commerce
PALANPUR - 385001.

BANASKANTHA DISTRICT KELAVANI MANDAL
E-86 B.K.
12-12-61
*PALANPUR*

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
કારોબારી સમિતિ
બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ